# અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરની યાદી જણાવે છે કે જુલાઇ (પુરક)-૨૦૧૭ સુધીમાં ઉ.મા.પ્ર.પરીક્ષા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ ઉ..બુનિયાદી તથા વ્યવસાયલક્ષી પ્રવાહના અનુતિર્ણ અને પરીક્ષામાં બેસવાની પાત્રતા ધરાવતાં ઉમેદવારોની ખાસ પરીક્ષા તા:-૨૩/૧૦/૨૦૧૭ થી તા:-૦૩/૧૧/૨૦૧૭ સુધી લેવાનાર છે પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડની વેબસાઇટ www.gseb.org ઉપર મુકવામાં આવેલ છે.

સદર પરીક્ષાના આવેદનપત્ર તા:-૦૫/૦૮/૨૦૧૭ થી તા:-૨૦/૦૮/૨૦૧૭ સુધી બોર્ડની વેબસાઇટ www.gseb.org, પરથી શાળાઓ મારફતે ઓનલાઇન ભરવાના રહેશે.આ અંગે જરૂરી સુચનાઓ બોર્ડની વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ છે, વાલીઓએ,વિદ્યાર્થીઓએ તથા શાળાના આચાર્યશ્રીઓએ નોંધ લેવી.

સ્થળ:-ગાંધીનગર.

તારીખ:-૧૪/૦૮/૨૦૧૭.

પરીક્ષા સચિવ

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.

ગાંધીનગર.

ક્રમાંક:મઉમશબ/ક-૧/૧૪૨૪ થી ૧૪૫૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.
સેકટર:-૧૦-બી, જૂના સચિવાલય પાસે
ગાંધીનગર.તા:- ૧૪/૦૮/૨૦૧૭.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

**વિષય:-ઓકટોબર-૨૦૧૭ ધોરણ-૧૨ એચ.એસ.સી.ના અનુત્તિર્ણ પરીક્ષાના આવેદનપત્રો ઓન લાઇન ભરવા બાબત.**

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે ધોરણ-૧૨ એચ.એસ.સી જૂન-૨૦૧૭ થી નવો અભ્યાસક્રમ દાખલ થવાના કારણે સરકારશ્રીની સૂચના મુજબ જુના અભ્યાસક્રમમાં સામાન્ય પ્રવાહ,વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉ.બુ.પ્રવાહના અનુત્તિર્ણ અને પરીક્ષામાં બેસવાની પાત્રતા ધરાવતા ઉમેદવારોની ખાસ પરીક્ષા તા:-૨૩/૧૦/૨૦૧૭ થી તા:-૦૩/૧૧/૨૦૧૭ સુધી લેવાનાર છે. સદર પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડની વેબ સાઇટ www.gseb.org ઉપર મુકવામાં આવેલ છે.

ઓકટોબર-૨૦૧૭ની એચ.એસ.સી. સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ઉપસ્થિત થનાર રીપીટર અને ખાનગી રીપીટર ઉમેદવારના આવેદપત્રો માર્ચ-૨૦૦૭ની પરીક્ષાથી અમલી બનેલ વિષય માળખા મુજબ ફરજિયાત ઓનલાઇન તા:-૦૫/૦૮/૨૦૧૭ થી તા:-૨૦/૦૮/૨૦૧૭ સુધી બોર્ડની વેબ સાઇટ www.gseb.org પરથી શાળાઓ મારફતે જ ભરવાના રહે છે. આ અંગેની જરૂરી સુચનાઓ બોર્ડની વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ છે.

આપના જિલ્લાની ધોરણ-૧૨ એચ.એસ.સી. સામાન્ય પ્રવાહ,વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉ.બુ.પ્રવાહનો અભ્યાસક્રમ ચલાવતી તમામ શાળાઓના આચાર્યશ્રીઓને તેમની શાળાના માર્ચ-૨૦૦૭ થી અનુત્તિર્ણ અને પરીક્ષા આપવા ઇચ્છુક વિદ્યાર્થીઓને જાણ કરી,આવેદનપત્રો સમયમર્યાદામાં ભરવા માટે જણાવશો. વિદ્યાર્થીઓને જાણ કર્યા અંગેના પુરાવાઓ શાળાના આચાર્યશ્રીએ શાળાના રેકર્ડ પર રાખવાના રહેશે, તેવી સુચનાઓ આપના જિલ્લાનાં તમામ આચાર્યશ્રીઓને આપવા વિનંતી.

પરીક્ષા સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.
ગાંધીનગર.